# ક્યાંક હોય છે –

ક્યાંક હોય છે કૂડોકચરો ક્યાંક સરોવર રૂડાં
કહે મનોહર, એની ચર્ચા માંડે હરખપદૂડા!

ખેતરની હરિયાળી વચ્ચે પગ લંબાવે રણ
જાણે તોપણ એકબીજાને પૂછે સૌ કારણ

મધુમાલતી મંડપ નીચે ઉઝરવા દે થૉર
કરે ઉજવણી સુંદરતાની બેઉ મળી ચહુ ઑર

ઊંચે જાતાં દિશાદિશામાં ખગ ફેલાવે પાંખ
નહીં આભની રોકટોક શ્રાવણ હો કે વૈશાખ

મળે હોઠ પર હાસ્ય : બાઝતાં કોઈ પાંપણે ટીપાં
ઓછું-વત્તું મળ્યું બધાને, આંખ માંડ માલીપા

કદી સાધુનો મળ્યો છે ધૂણો કદી સીમની લહેર
કહે મનોહર, એ બે વચ્ચે જરી ન દીઠો ફેર

*05-12-2015/શનિવાર*

# દાસ મનોહર કહે

દાસ મનોહર કહે
શમણાને છોડીને બંધુ! નિજ રમણામાં રહે

જીવે છે તો પીડા છે
પણ મડદામાં શું હોય?
હાથ જરી આગળ કર
તરત જ ગળે વળગશે કોઈ

ત્યાં જો, લીલું ઝાડ છે એમાં પંખીડાં ચહચહે

ચારપાઈ મળી છે એમ જ
મળશે ખભ્ભા ચાર
અહીં બંધ થયાં તો સામે
ખૂલશે દસદસ દ્વાર

જળને એનો ઢાળ છે તેથી બે કાંઠામાં વહે
દાસ મનોહર કહે

*10-02-2017/શુક્રવાર*

# દાસ મનોહર શું છે?

દાસ મનોહર શું છે?
અંદર આંસુ વાળી લે પણ પાંપણને ના લૂછે

સાવ અજાણ્યાને આઘેથી કહેશે કે : એ... રામ
મોં મલકાવી જવું નીકળી હોય કહો, શું કામ?

ઠામ અને ઠેકાણું એ તો મતલબિયાઓ પૂછે

ખુશીઓને ગજવે ઠાંસીને ભરી બજારે વ્હેંચે
ગમગીની બીજાની હળવે કાંટા માફક ખેંચે

આઠ પહોરના જલસા જેને, લટકે લીંબુ મૂછે
દાસ મનોહર શું છે?

*25-02-2017/શનિવાર*

# કહે મનોહર દાસ

કહે મનોહર દાસ
મળ્યું કે પાછું વળ્યું છતાં ના ઓસરતો ઉલ્લાસ

પણે સુગંધી ફૂલ છે એમાં હશે લપાયા કાંટા
સુખદુઃખના પણ અલગ અલગ ક્યાં કદી મળે છે ફાંટા?

સૂર લપાયા હોય છે જેને ગણ્યો'તો સુક્કો વાંસ

અટકળનો આધાર લઈને કરીએ ના સંદેહ
નભને કોનું વળગણ કે બીજાને દેશે છેહ?

એને મન જેવું અંધારું, એમ જ છે અજવાસ

બંધ થાય ત્યાં રાત : પોપચાં ખૂલે ત્યાં જ સવાર
આડે પડખે થયા લ્યો, છોડી આ કે તે - નો ભાર

લેવા છે? તો લઈ લે : કહીશું : તેં દીધેલા શ્વાસ
કહે મનોહર દાસ

*02-03-2017/ગુરુવાર*

# નેજવું

કરી હાથનું ભાઈ, નેજવું -
દાસ મનોહર કહે કે જેવું અંદર એવું બહાર દેખવું

ખબર પડે નંઈ : કેમ થાય
ઇચ્છાના લીરેલીરા?
અટવાતા રસ્તાના પગમાં
કોણ પાડતું ચીરા?

જાણ નથી ઉંબરને, સાહેબ! બાવન બહારું કેમ ઠેકવું?

પંખી છે તો પાંખ હશે
ને પાંખ હશે તો આભ
એકમેકના ટેકે મળતો
હોવાનો આ લાભ

અંગ હતાં તે મળી આંગળી : તંબુરને પણ મળ્યું ટેરવું
દાસ મનોહર કહે કે જેવું અંદર એવું બહાર દેખવું
કરી હાથનું ભાઈ, નેજવું -

*15-03-2017/બુધવાર*